# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૯    અંક : ૨૩૦

પ્રમુખ

**મણીકાંત મેઘજી મોમાયા**

મો.૯૭૦૩૧ ૦૧૦૧૦

માનદ્ મંત્રી

**પંકજ હીરજી સાવલા**

મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદિકા

**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**

ફોન. ૬૬૪૬ ૩૬૯૫,

મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક

**રમેશ મણીલાલ શાહ**

ફોન. ૨૪૭૫ ૧૮૭૫,

મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,

ઇડનબાગ, રામકોટ,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.

ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩

email : hydkmm@gmail.com

Web : www.kutchibhavanhyd.org

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**

૩૭, રૉયલ પ્લાઝા,

સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫

ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦

email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-



"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

**મણીકાંત મેઘજી મોમાયા**

૧૯૪૭ની પંદરમી ઓગસ્ટની મધરાતે ભારત પર બ્રિટીશ સામ્રાજ્યનો અંત આવ્યો. ભારત સ્વતંત્ર રાષ્ટ્ર થયું. ૧૫ ઓગસ્ટના ૬૮મો સ્વાતંત્ર દિવસ આવી રહ્યો છે. દેશની આઝાદીના ૬૭ વર્ષો થવા છતાં સુખદ અનુભૂતિ થતી નથી. સ્વાર્થી નેતાઓએ દેશને જડમૂળથી બરબાદ કરી નાખેલ છે. અંગ્રેજો સામે અહિંસક આંદોલન છેડી મૂઠી ઉંચેરા મહાત્મા ગાંધીજીએ દેશને આઝાદી અપાવી પણ સડસઠ વર્ષોથી બાપુ આજે સ્વતંત્ર ભારતમાં પણ કારાગૃહે કણસે છે. કોણ સ્વતંત્ર કરશે સડસઠ વર્ષોથી કારાગૃહે કણસતા બાપુને ? આ પ્રશ્ન પૂછીને હું યથાયોગ્ય આક્રોશ ઠાલવું છું. બે બે સદીઓથી અંગ્રેજ સલ્તનતની કારમી ગુલામી સહ્યા બાદ માત્ર ૪૫ કિલો વજન ધરાવતા અને ફક્ત પોતડી પહેરતા ગાંધી બાપુ એક પણ હિંસક હથિયાર ધારણ કર્યા વગર અહિંસક અસહકારનું આંદોલન ચલાવ્યું અને ગુલામીની જંજીરોમા જકડાયેલી પ્રજામાં જાગૃતિ આણી હતી. જો કે એ અલગ વાત છે કે આ અહિંસાના પૂજારી એવા મહાત્મા ગાંધીની સમાધિ - રાજઘાટની સુરક્ષા માટે ભારત સરકારે સશસ્ત્ર દળો ગોઠવી દીધા છે ! ગાંધીજીનું જીવન જ પ્રજા માટે એમનો સંદેશ હતો. વાકચટુતાથી ભોળી પ્રજાને ભરમાવતા આજના ભ્રષ્ટ રાજકારણીઓ બહારથી દેખાય છે અલગ અને અંદરથી કેવા છે એ આપણે સૌ જાણી ચૂક્યા છીએ.

સમાજની વિવિધ સંસ્થાઓની હાલત પણ રાષ્ટ્રીય પરિસ્થિતિથી કાંઈ વધારે સંતોષજનક તો નથી જ. વિશ્વ, દેશ અને સમાજની હાલની પરિસ્થિતિઓ બદલાઈ છે ત્યારે સમાજની સંસ્થાઓના સંચાલનમાં લક્ષ્મીપતિઓ સાથે સરસ્વતી પુત્રોનો યોગ્ય માત્રામાં સમન્વય સધાય તો પરિણામો આશાવાદી રહેશે. હાંસિયામાં ધકેલાઈ ગયેલા નિષ્ઠાવાન કાર્યકરોને સથવારે આવતી પેઢીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે થીજી ગયેલી પ્રવૃત્તિઓને વેગવંત બનાવી શકાશે.

શ્રાવણનો પવિત્ર મહિનો ચાલે છે. દરેક સમાજ ધર્મમય પ્રવૃત્તિઓથી રંગાયેલો છે. આ મહિનામાં ભાઈ-બહેન વચ્ચેના સ્નેહનો પવિત્ર તહેવાર રક્ષાબંધન પણ છે. જન્માષ્ટમી તથા ગણેશ ચતુર્થીનો તહેવાર પણ છે અને ખાસ કરીને જૈનોનો મહાપર્વ પર્વાધિરાજ પર્યુષણ તેમજ સંવત્સરિ પણ આજ મહિનામાં છે. ૧૫મી ઓગસ્ટનો રાષ્ટ્રીય તહેવાર ૬૮માં સ્વાતંત્ર દિવસની ઉજવણી પણ છે. દરેક તહેવારો આપણે સાથે મળીને ભાઈચારાથી ઉજવીએ એવી અપેક્ષા સહ.

હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો

**www.kutchibhavanhyd.org**

**http://www.asanjokutch.com**



# સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**

સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

આપણો ભારત દેશ એક ઉત્સવપ્રિય દેશ છે - ફેસ્ટીવલોનો દેશ છે. અમુક તહેવારો તો એવા હોય છે જેમાં કોઈ પણ જાતીના હોય, કોઈ પણ ધર્મ કે સંપ્રદાયના હોય પણ બધા સાથે મળી હોંશ અને ઉત્સાહથી ઉજવે છે. તહેવારો પણ એવા હોય છે જેની ઉજવણી જાત જાતના અને ભાતભાતના રંગોથી થતી હોય છે. જેવા કે હોળી, દસેરા, દિવાળી, રક્ષાબંધન છે. ધાર્મિક અનુષ્ઠાનો પણ શ્રદ્ધા અને ભાવથી સૌ ઉજવે છે.

આગામી ૩ મહિનામાં આપણા દેશમાં અનેક તહેવારો આવી રહ્યા છે. સહુને અમારી શુભકામના.

જૈનોના પર્યુષણ પર્વ આવી રહ્યા છે. જીનેશ્વરધામમાં ચાતુર્માસની શરૂઆતથી ૪૦ દિવસીય વ્યાખ્યાનમાળા ચાલુ છે. જ્યોતિષાચાર્ય પ.પૂ.ગુરૂદેવ શ્રી સર્વોદયસાગરજી મ.સા.ના શિષ્ય પ્રવચનકાર યુવા મુનિ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના વ્યાખ્યાનના વિષયો આપણા જીવનને સ્પર્શ કરતા છે જેનો લાભ હૈદ્રાબાદ - સીકંદરાબાદના જૈન તેમજ જૈનેતર સહુ મોટી સંખ્યામાં લઈ રહ્યા છે.

નિયાપો આપણા સૌનો છે. વિવિધામાં આવતી મેટરો કે અન્ય કોઈ પણ બાબતમાં આપનો અભિપ્રાય આવકાર્ય છે.



# મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા

**રક્ષા બંધન અને સ્વાતંત્ર દિવસની શુભકામનાઓ**

ભાઈ અને બ્હેનના પવિત્ર તહેવાર રક્ષાબંધન નિમિત્તે સર્વ બ્હેનો અને ભાઈઓને શુભકામનાઓ સાથે સ્વતંત્ર દિવસ નિમિત્તે પ્રત્યેક ભારતવાસીઓને અભિનંદન અને શુભકામનાઓ-

દેશ ભક્તિની ઉચ્ચ ભાવના સર્વ ભારતવાસીઓમાં સમાયેલી છે. ભારતની આઝાદી માટે કેટલાય દેશભક્તોએ જાનની કુરબાની આપેલ છે, સ્વાતંત્ર વિરોના બલીદાનોને યાદ કરવાનો અવસર એટલે સ્વાતંત્ર દિવસ. આ પરમ દિને સંકલ્પ કરીયે, દેશની પ્રગતિ અને ઉન્નતી માટે યથાશક્તિ પરિશ્રમ કરીયે, જેથી આપણો ભારતદેશ વિશ્વમાં વિકાસશીલ દેશોમાં અગ્રસ્થાન પર રહે.

સ્વાતંત્ર દિવસના આ શુભ પ્રસંગે ધ્વજ વંદનનો એક કાર્યક્રમ આપણા સમાજના પ્રાંગણમાં સવારના ૮.૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

મંડળના દરેક સભ્યને સંપૂર્ણ સ્વાસ્થ્ય તથા વિદ્યાર્થીઓને યોગ્ય શિક્ષણ માટે શક્ય એટલો વધૂ લાભ મંડળ તરફથી અપાય એવા પ્રયત્નો થઈ રહ્યા છે.

કારોબારી સમિતિની એક સભા તા. ૨૫-૭-૨૦૧૪ ના દિવસે યોજવામાં આવેલ હતી.

નોન મેમ્બર બુકીંગ દરમાં ઑગસ્ટ માસથી વધારો કરવામાં આવેલ છે, સાથે અલગ પેકેજના ભાવો પણ નક્કી કરવામાં આવેલ છે, જેની વિગત અન્યત્ર છપાયેલ છે.

કચ્છી બેંકની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૩-૭-૨૦૧૪ના દિવસે હતી, ચુંટાયેલા ડાયરેક્ટરોને અભિનંદન.

ભવનમાં જરૂરીયાત મુજબનું રીપેરીંગ કાર્ય અવાર નવાર કરાવવામાં આવી રહેલ છે, જરૂરીયાત મુજબની સાધન સામગ્રી વસાવવામાં આવેલ છે. ગ્રીન રૂમ મધ્યે કલરનું કાર્ય પુર્ણ કરાવવામાં આવેલ છે.

ચાતુર્માસ આરંભ થઈ ગયેલ છે, દરેક જણ યથાશક્તિ ધર્મલાભ, સાધુ સત્સંગ, પ્રવચન અને તપનો લાભ અવશ્ય લેશો.

# શ્રી કચ્છી મિત્ર મંડળ - હૈદ્રાબાદ



## સ્વાતંત્ર દિવસ - કાર્યક્રમ

સ્નેહી મેમ્બર પરિવારજનો,

સ્વાતંત્ર દિવસ નિમિત્તે ધ્વજ વંદનનો કાર્યક્રમ કચ્છી ભવનના પ્રાંગણમાં આયોજન કરવામાં આવેલ છે. જેમા વધૂમાં વધૂ સંખ્યામાં ઉપસ્થિત રહી આ કાર્યને સફળ બનાવવા આપ સૌને અનુરોધ છે.



**તારીખ : ૧૫-૮-૨૦૧૪**

**સમય : સવારના ૮.૩૦ કલાકે**

(ધ્વજ વંદન પ્રમુખ શ્રી મણીકાન્ત મેઘજી મોમાયાના વરદ હસ્તે કરવામાં આવશે)

આ કાર્યક્રમમાં સાથ આપશે શાન્તિ પ્રાયમરી સ્કુલના સર્વ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો.

દેશ ભક્તિની જ્યોત સૌના હૃદયમાં સળગતી રહે, આપણો દેશ પ્રગતિના નવા શિખરો સર કરે એવી ભાવના આપણે સૌ સાથે મળી ભાવીયે.

*"સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાં હમારા"*
*આ નારાને સમગ્ર વિશ્વમાં ફેલાવીયે*

(કાર્યક્રમ દરમ્યાન અલ્પહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.)

પંકજ હીરજી સાવલા, માનદમંત્રી

# KUTCHI BHAVAN

## Bhavan Rates for the booking of Halls & Guest House for Non Members W.E.F. 01-8-2014.

| | Particulars | Rate per Day Rs. |
|---|---|---|
| 1) | Main Hall Ground Floor & First Floor | 48,000/- |
| 2) | Side Hall Ground Floor & Swastik Hall | 18,000/- |
| 3) | Guest House (9 Rooms) Booking will be done along with main Hall or Side Hall | 11,000/- |
| 4) | Second Floor Side Hall Deepak Hall Booking will be done along with main Hall or Side Hall | 6,000/- |

## Halls booking's Special Rates for Non members only W.E.F. 01-8-2014.

### MAIN HALL (BOOKING RATE RS. 48,000/- PER DAY)

Ground & First Floor Hall **against the availability** of Hall.

- Booking made within 45 days Rates will be 29,000/- per day
- Booking made within 30 days Rates will be 22,000/- per day.

### SIDE HALL (BOOKING RATE RS. 18,000/- PER DAY)

Side Hall **against the availability** of Hall.

- Booking made within 45 days Rates will be 12,000/- per day.
- Booking made within 30 days Rates will be 10,000/- per day.

# Kutchi Bhavan Hall Booking

# Special Packages W.E.F. 01-8-2014

## *Special Packages for Meetings, Conferances, Birthdays etc.. for Non Members*

### Ground Floor Hall only

Against the availability of Hall & the booking made in less than 30 day's, Rates will be Rs. 22,000/-

Against the availability of Hall & the booking made in less than 15 day's, Rates will be Rs. 16,000/-

For maximum 200 person's

Rent includes sound system chairs Dias Lights & Fans

### Side Hall

Against the availability of Halls

- Booking made in less than 30 days Rates Rs. 10,000/-
- Booking made in less than 15 days Rates Rs. 8000/-

For Maximum 100 persons. Rent includes sound system, Chairs Light dias & Fans

Note : Time for booking is 3hrs only. Service tax & other required items eg : Aircoolers, Generator will be charged extra.

## ભાવજત સમિતિ

સંચાલકઃ **કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯**
સહસંચાલકઃ **અમૃતલાલ દામજી વોરા ૯૪૪૧૦ ૭૭૨૮૧**

★ **હોસ્પિટલ સારવાર માટે નાણાકિય સહાય :** આ સ્કીમનો લાભ સભ્ય તથા એમના કુટુમ્બીઓ લઈ શકે છે. અરજી કેવી રીતે મોકલવી તેની સંપૂર્ણ વિગત જુલાઈ - ૨૦૧૪ ના નિયાપોમાં આપેલ છે.

★ **Diagnostic Testing** : નો **35%** નો લાભ મેમ્બરો સારા પ્રમાણમાં લઈ રહ્યા છે. ખાસ ધ્યાનમાં રહે કે જે મહિનાનું બીલ હોય તે બીજા મહિને રજુ કરવું જરૂરી છે. દા.ત. જુલાઈ ૨૦૧૪ ના બીલ ઓગસ્ટ ૨૦૧૪ સુધીમાં મજરે લેવાના રહેશે. બીલની ઓરિજીનલ તથા ડોક્ટરના પ્રીસ્ક્રીપ્શનની ઝેરોક્ષ કોપી લાવવાની રહેશે.

★ **મેડિક્લેમ ઈન્સ્યુરન્સ : KMM** મારફતે લીધેલ મેડિક્લેમ ઈન્સ્યુરન્સની પોલિસીના સભ્યોને જ્યારે ક્લેમ લેવું હોય તો હોસ્પિટલમાં દાખલ થતા પહેલા આપણા એજન્ટ શ્રી મધુ મોદાની તથા શ્રીમતી લલીતા મોદાનીનો જરૂરથી સંપર્ક કરશો, જેથી **Cashless** લેવા માટેની, **Re-embursment** પુરી કરવામાં સરળતા થાય.

★ તા. ૨૮-૯-૨૦૧૪ રવિવારના દિવસે **Eye Camp** તથા અન્ય **Health Camp** યોજવાનું વિચારણા હેઠળ છે. વધુ વિગત આવતા અંકમાં આપવામાં આવશે.

## આવાસ ગૃહ સમિતિ

સંચાલક : **લહેરચંદ ટોકરશી લોડાયા**
**૯૨૪૬૫ ૩૧૦૬૬**

ચૈતન્યપુરી સ્થિત આવાસ ગૃહમાં એક ફ્લેટ ખાલી હોવાની જાહેરાત આપેલ એ અપાઈ ગયેલ છે. બીજો એક ફ્લેટ ખાલી થયેલ છે એ માટે ઓછી આવક ધરાવનાર કચ્છી મિત્ર મંડળનાં સભ્ય પરિવારને ફ્લેટની જરૂર હોય તો તેઓએ કચ્છી ભવનની ઓફીસમાં અરજી આપવા વિનંતી.

લગ્નસરાની સાડીઓમાં
કચ્છી સમાજનું વિશ્વસનીય નામ

અવસર સારીઝ

(જૂ.પ.)

➢ સાચી તથા ટેસ્ટેડ કસબ અને જિંક કસબ સાડી અને ચણિયા ચોળી
➢ રિયલ તેમજ ટેસ્ટેડ ઘરચોળા
➢ કસબ, બટકસબ, કટ વર્ક, ફેન્સી બોર્ડર
➢ પાનેતર, પિટ્ટાવર્ક, તાર કામ સાડી
➢ બાંધણી, બનારસી ઉપાડા બાંધણી.... અને અનેક વેરાઈટીઝ

વિશ્વસનીય ખરીદી માટે અવશ્ય પધારો

ઠે. ૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

સંપર્કઃ દિનેશ દેઢિયા (નાની ખાખર) - 92234 25676

## SIKSHAN SAMITI

Sanchalak : **VIPUL HARILAL NISAR**
Cell No : 9848129772

KMM Shikshan Samithi wishes all the members a very Happy Independence Day.

In the month of September, a grand function will be organized to honor all the students who have secured minimum 7.9CGPA and above grades or minimum 75% or above marks in 10th / Inter or 12th Std and 70% and above in Degree or PG courses, by presenting them with medals and certificates. A very eminent personality will deliver the keynote address and honor all the Honorable Donors of Gold and Silver Medals. So all of you, who have yet to submit your forms, may kindly do so by 15th August 2014. Final Date & Time of the function will be notified vide SMS.

**SHIKSHAN SAHAYATA :** The financial aid to needy student for the academic year 2014-2015 is in progress. Students who have not yet availed the aid can do so by submitting the completed application form in KMM office.

To encourage more number of students from our community to go in for Higher Studies, a **Scholarship Grant** for a meritorious student going in for Post Graduation from the new Academic Year 2014-2015 has been initiated. The Scholarship amount will be the First Year Fees or **Rs. 50,000/- (Rupees Fifty Thousand) whichever is minimum.**

**The student will be selected on the following criteria.**

1) Selection will be based purely on **Merit** with Highest marks in graduation.
2) Applicant should have completed his / her graduation with minimum **85.5% or 9 CGPA**
3) Applicant should submit the following documents along with the application letter mentioning KMM membership number of the Parent.
   a) Passport size Photograph.
   b) Photo copies of Mark sheets of Xth, Inter or 12th and Degree all semesters.
   c) Certificates of Extra - Curricular Activity, if any, in Sports or Arts.

## *Shanti* PRIMARY SCHOOL

Correspondent :
**NAVINCHAND HARIA ,** 98850 31232

All the members of KMM, Hyderabad are cordially invitied for **Independence Day Celebration** on 15th August (Friday) at 8.30 am at Katchi Bhavan.

**"Painting Competition"** was conducted at Shanti Primary School on 7th July 2014. More than 60 students participated in the Competition. The theme given for painting competition was "Rainy Season" Students came forward with their different ideas about "Rainy Season". All the students enjoyed the painting competition. For the prize winners - Prizes will be given on Annual Day.

**DEEPAK MAVJI DHAROD** **Cell : 98490 53458**

**BHAVANA TOURS & TRAVELS**

**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**

**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.

# શુદ્ધ ઘી ની ઘરમાં બનાવેલ મિઠાઈ

- ❊ પાંચ ધાન્યના (મગદરીયા) લાડુ
- ❊ ફીણીયા લાડુ
- ❊ ડ્રાયફ્રૂટ લાડુ (ઘંઉના)
- ❊ અદરખ ડ્રાયફ્રુટ લાડુ
- ❊ નાચણી (રાગી) ખજુર લાડુ
- ❊ કોકોનેટ બીસ્કીટ
- ❊ અમુલ બટર કુકીશ

• સાંગલીના ભડંગ • સાંગલીની કાળી દ્રાક્ષ

• શીંગદાણાની ચટણી અને જુવારના ખાખરા

• સિકંદરની ખારી શીંગ • ચણા

ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદળ

●●● પ્રવીણ છેડા - પ્રેમીલા છેડા ●●●

મો. ૮૯૮૫૭ ૫૯૩૨૦ મો. ૯૦૧૪૬૬૬૯૩૨

(જા.ખ.)

# हरपल मिठास...

आया सावन मास लेके त्योहारोको साथ, भाई-बहनका प्यार हैं राखीका त्योहार, तोडे नंदकी मटकी करे गणपतिकी भक्ति मनाये, पर्युषण पर्व और करे प्रभुकी भक्ति मिठाई के बिना है सब अधूरा तो जुडिये हर पल मिठासके साथ और कीजीए अपने ***Celebrarion*** को पूरा ।

मोहनथार, फिणिया लड्डु, मग दडिया, गुंदरपाक और मीनी साटा प्राप्त करने के लिए संपर्क किजिये

***Rupal H. Savla***

*Arihant Basera, Flat No. 102, Kachiguda, Hyderabad.*

**Ph : 8106459594**

(જા.ખ.)

# પર્યુષણ ઉત્સવ સમિતિ

સંચાલક : હેમાંગ મણીકાંત મોમાયા
૯૮૮૫ ૧૦૧૦૧૦

પર્યુષણ મહાપર્વ શ્રાવણ વદ ૧૩ શનિવાર તા. ૨૩-૮-૨૦૧૪ થી પ્રારંભ થાય છે. આ વર્ષે હૈદરાબાદ - સિકંદરાબાદમાં દરેક જિનાલયો - સ્થાનકોમાં ધુરંધર એવા પૂ. સાધુ-સાધ્વી ભગવંતોના ચાતુર્માસ પ્રાપ્ત થયા છે. ધર્મ જાગૃતિ સારી રીતે ચાલી રહી છે. જિનેશ્વરધામમાં ચાતુર્માસ પ્રવેશથી જ પર્યુષણ જેવો માહોલ જામ્યો છે. પૂ. ગુરૂ ભગવંતોના પ્રવચનનો અસ્ખલિત ધોધ વરસી રહ્યો છે. જે માટે દૂર દૂરથી શ્રાવક-શ્રાવિકાઓ જિનેશ્વરધામમાં પધારી લાભ લઈ રહ્યા છે.

સંવત્સરિ પ્રતિક્રમણ પ્રતિવર્ષાનુસાર ભાદરવા સુદ ૫ શનિવાર તા. ૩૦-૮-૨૦૧૪ ના કચ્છી ભવનનમાં રહેશે. પ્રતિક્રમણ બાદ પ્રભાવના દર વર્ષાનુસાર જિનેશ્વરધામના હાલના સંઘપતિ માતુશ્રી શાંતાબેન હીરજી કાનજી ગોસર પરિવાર (શ્રી શાંતિ સિલેક્શન) તથા શ્રી બાલાજી રતનલાલ મિઠાઈ ભંડાર તરફથી રહેશે. હજી કોઈને પ્રભાવના કરવી હોયતો સંચાલકશ્રીને જરૂરથી જાણ કરવા વિનંતી.

ભાદરવા સુદ ૬ રવિવાર તા. ૩૧-૮-૨૦૧૪ સામુહિક ક્ષમાપના સંમેલન સવારના ૯.૩૦ વાગે રાખવામાં આવેલ છે. ત્યારબાદ સ્વામિ વાત્સલ્ય પ્રસાદનો આયોજન કરવામાં આવેલ છે આ વર્ષના લાભાર્થી માતુશ્રી ચંપાબેન હેમરાજ પુનશી મૈશેરી પરિવાર હઃ જયચંદ હેમરાજ મૈશેરી, ગામ : કચ્છ-જખૌ એ લીધેલ છે. ખૂબ ખૂબ અનુમોદના.


**CHERIAN NATIONAL**

**Motor Driving School**

**(ESTD. 1962)**

✶ CONTACT ✶

5-9-169/4, Nampally, Chapel Road, Hyderabad

**Cell : 98495 84518**

*Pick up & Drop*

(જા.ખ.)

# શ્રી આઠકોટિ નાનીપક્ષ સ્થાનકવાસી જૈન સંઘ હૈદરાબાદ

**પરમપૂજ્ય ગુરુદેવ આચાર્ય ભગવંત શ્રી સુરજી સ્વામી** તથા
**પરમપૂજ્ય પદવીધર મહાસતીજી નીનાબાઈ સ્વામીની** શુભનિશ્રામાં

આપણાં સંઘનાં પૂણ્યોદયે, આપણી આગ્રહભરી વિનંતીને સ્વીકારી, આ વર્ષનાં પાવન પર્યુષણપર્વનાં અવસરે, શનિવાર તા. ૨૩–૮–૨૦૧૪ થી શનિવાર તા. ૩૦–૮–૨૦૧૪ સુધી, યોજાનારી 'સામુહિક ધર્મઆરાધના' હેતુ સુશ્રાવક શ્રી દીપક પ્રેમજી સંગોઈ ગામ : સાડાઉ તથા સુશ્રાવક વસંત મોરારજી વીરા, ગામ : બિદડા મુંબઈથી પધારશે. ઘરઆંગણે જ્ઞાનગંગા જેવો આ અમૂલ્ય ધર્મલાભ મેળવવા સર્વ ધર્મજિજ્ઞાસુ, ભાઈ બહેનો અને બાળકોને ભાવભરી નમ્ર વિનંતિ છે.

## કાર્યક્રમની રૂપરેખા

| | | |
|---|---|---|
| **પ્રતિક્રમણ** | : | સવારે ૫.૦૦ કલાકે |
| **પંચપરમેષ્ઠિવંદના** | : | સવારે ૬.૦૦ કલાકે |
| **પ્રવચન** | : | સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ કલાકે |
| **ધાર્મિક ચર્ચા** | : | સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાકે |
| **ભોજન સમય** | : | બપોરે ૧૨.૩૦ થી ૧.૩૦ કલાકે |
| **ધાર્મિક સ્વાધ્યાય** | : | બપોરે ૨.૦૦ થી ૪.૦૦ કલાકે |
| **પ્રતિક્રમણ** | : | સાંજનાં ૬.૩૦ કલાકે |
| **ધર્મગોષ્ઠિ તથા પ્રશ્નોત્તરી (ભાઈઓ તથા બહેનો માટે)** | : | રાતનાં ૮.૦૦ થી ૧૦.૦૦ કલાકે |

**સ્થળ : શ્રી કચ્છી ભવન,** અતિથીભવન, દિપક હોલ, બીજે માળે, રામકોટ, હૈદરાબાદ

સર્વશ્રેષ્ઠ માંગલિક જૈનધર્મનાં મૂળભૂત સિદ્ધાંતો, ધર્મતત્વદર્શનની પ્રાથમિક કેળવણી આપણાં સંતાનો પામે એ શુભહેતુથી **એકવિશિષ્ઠ જ્ઞાનશિબિર** નું આયોજન રવિવાર ૨૪–૮–૧૪ અને શુક્રવાર, તા. ૨૯–૮–૨૦૧૪ નાં સવારના ૧૦.૦૦ કલાકથી સાંજના ૪.૦૦ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે. સર્વ બાળકો, યુવાપેઢી અને વડીલો આવો અમૂલ્યલાભ અચૂક લે એવી આગ્રહભરી વિનંતી છે.

પર્યુષણપર્વ દરમ્યાન બપોરના ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

ધાર્મિક સ્વાધ્યાય સમય ૨.૦૦ થી ૪.૦૦ નો વિષય પુદગલ પરાવર્તન (૨) સંખ્યાતા અસંખ્યાતા અને અનંતાની રાશી વિસ્તારની સમજણ ડાલા–પાલા–ધ્વારા આપવામાં આવશે.

શિબિરમાં નામ નોંધાવવા તથા વિશેષ માહિતિ માટે સંપર્ક કરવા :

**શ્રી જયેશભાઈ જાદવજી મામણીઆ**
૯૪૪૦૮ ૯૦૪૩૭, (ઓ) ૬૬૮૨ ૬૭૬૫

**શ્રી મનોજભાઈ હીરજી સાવલા**
૯૮૪૯૭ ૭૪૮૪૫

(જા.ખ.)

**એક બીજાને ગમતાં રહીએ   મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું ''સહુના'' હૈયામાં વહયા કરે.   શાંત પળોમાં વિચારજો**

# સભ્યપદ સમિતિ

સંચાલક : હરેશ હેમરાજ દેઢિયા
૯૨૪૬૧ ૯૪૪૦૫

સહર્ષ જણાવવાનું કે મંડળની તા. ૨૫-૭-૨૦૧૪ના મળેલ કારોબારી સભ્યોની સભામાં નીચે જણાવેલ નવા સભ્યોની આજીવન સભ્યપદની અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| | નામ | ગામ | મેમ્બરશીપ નંબર |
|---|---|---|---|
| ૧ | શ્રી રીંકન વંસત નાગડા | વરંડી મોટી | R/1021/7/14 |
| ૨ | શ્રીમતિ સૂર્યા તારાચંદ પાસડ | શેરડી | S/1027/7/14 |
| ૩ | શ્રીમતિ રંજન અમરચંદ વોરા | નારાયણપર | R/1022/7/14 |
| ૪ | શ્રીમતિ આરતી પરાગ શેઠ | નખત્રાણા | A/1015/7/14 |
| ૫ | શ્રી સુમીત કિશોર ગંગર | મેરાવા | S/1028/7/14 |
| ૬ | શ્રીમતિ રીટા અજય પાસડ | ભોજાય | R/1023/7/14 |
| ૭ | શ્રીમતિ દીશા કુનાલ નંદુ | કપાયા | D/1026/7/14 |
| ૮ | શ્રી જીતેન શાંતીલાલ નાગડા | ભોજાય | J/1019/7/14 |
| ૯ | શ્રી મિલિંદ શશીકાંત નાગડા | વરંડી મોટી | M/1031/7/14 |
| ૧૦ | શ્રી ભરત મણીલાલ નાગડા | રાપર ગઢવારી | B/1016/7/14 |
| ૧૧ | કુમારી ખુશીકા નરેન્દ્ર મૈશેરી | જખૌ | K/1035/7/14 |
| ૧૨ | શ્રી જોગીન્દર ઉમિયા શંકર જોશી | ગઢશીશા | J/1020/7/14 |
| ૧૩ | શ્રીમતિ વિજયા ગીરીશ દંડ | સાંધવ | V/1019/7/14 |
| ૧૪ | શ્રી કિરણ ચુનીલાલ જોશી | ગઢશીશા | K/1036/7/14 |
| ૧૫ | શ્રી પંકજ ચુનીલાલ જોશી | ગઢશીશા | P/1024/7/14 |
| ૧૬ | શ્રીમતિ પ્રિતી ધવલ મારૂ | ગોધરા | P/1025/7/14 |
| ૧૭ | શ્રીમતિ મોનિકા જીતેન ગોસર | મોટા રતાડીયા | M/1032/7/14 |

*ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળ વતી હાર્દિક અભિનંદન....*

**TUITIONS FOR LKG TO X CLASS STUDENTS**

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Kachiguda, Hyderabad-500 027.

*તમારા બાળકોના ઉજ્વલ ભવિષ્ય માટે સંપર્ક*

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337** (જા.ખ.)



**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯ (જા.ખ.)

॥ શ્રી વાસૂપૂજ્ય સ્વામીને નમઃ ॥

**શ્રી અચલગચ્છ જૈન સંઘ** ના ઉપક્રમે

**શ્રી વાસૂપૂજ્ય સ્વામી જિનાલય**

નરેન્દ્ર નંદુ માર્ગ, મારૂતિનગર, ચૈતન્યપુરી, હૈદરાબાદ

## પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ પ્રસંગે

# શ્રી સંઘ આમંત્રણ પત્રિકા

**ધર્માનુરાગી ભવ્યાત્મા,**

હર્ષોલ્લાસ સાથે જણાવવાનું કે શ્રી સંઘના આંગણે શાસન સમ્રાટ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.** ની દિવ્યકૃપાથી તેમજ વર્તમાનગચ્છાધિપતિ **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.** તથા સાહિત્ય દિવાકર, દક્ષિણ દીપક **પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.** તથા મેવાડ દિવાકર, જ્યોતિષાચાર્ય **પ.પૂ. ગુરૂવર શ્રી સર્વોદયસાગરજી મ.સા.** ના શુભ આશીર્વાદ તથા સંઘના માનીતા ચૈતન્યરત્ન **શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ** ની કૃપા સદ્‌ભાવનાથી પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની આરાધના કરાવવામાં આવશે.

**પાવન નિશ્રા : ધ્યાનયોગી, સાધના સમ્રાટ પ.પૂ. મુનીવર શ્રી ઉદયરત્ન સાગરજી મ.સા.**

## પર્વાધિરાજની આરાધનાની રૂપરેખા

દરરોજ સવારના ૭ કલાકે સ્નાત્ર પૂજા, સવારના ૯ કલાકે વ્યાખ્યાન, બપોરના ૧૨.૩૦ કલાકે મહા મંગલકારી માંગલિક સાંજના ૭ કલાકે પ્રતિક્રમણ, રાત્રે ૮ કલાકે ભવ્ય અંગરચના સાથે ભક્તિ ભાવના થશે. સંગીતકાર પાર્ટી રાજકોટથી પધારશે. સર્વે ભાઈ-બહેનોને કાર્યક્રમમાં અવશ્ય પધારી લાભ લેવા વિનંતી.

**શ્રાવણ વદ ૧૩ શનિવાર તા. ૨૩-૮-૨૦૧૪**
બપોરના ૨.૦૦ કલાકે
**શ્રી વાસુપૂજ્ય સ્વામિ વંદનાવલી**
*સ્વામીવાત્સલ્ય તથા સમસ્ત દિવસના લાભાર્થી*
**શ્રી ત્રિલોકચંદજી, સુદર્શનજી ખીવસરા પરિવાર તથા**
**શ્રી રાકેશકુમારજી, નેહુલકુમારજી, રોનક ઓશવાલ પરિવાર**

**શ્રાવણ વદ ૧૪ રવિવાર તા. ૨૪-૮-૨૦૧૪**
બપોરના ૨.૦૦ કલાકે
**શ્રી ૧૮ પાપ સ્થાનક સંવેદના**
*સ્વામીવાત્સલ્ય તથા સમસ્ત દિવસના લાભાર્થી*
માતુશ્રી જેતબાઈ જેતસી ખીંયસી ધુલ્લા પરિવાર
(હાલાર-હલતુંગી), હૈદરાબાદ (હીરા હાર્ડવેર)

**શ્રાવણ વદ ૩૦ સોમવાર તા. ૨૫-૮-૨૦૧૪**
૯ કલાકે વ્યાખ્યાનમાં કલ્પસૂત્રની બોલી
બપોરના ૨.૦૦ કલાકે
**શ્રી ગીરનાર મહાતીર્થની ભાવયાત્રા**
*સ્વામીવાત્સલ્ય તથા સમસ્ત દિવસના લાભાર્થી*
**શ્રી હીરાલાલજી, હર્ષકુમારજી, રવિકુમારજી**
**વિનયકુમારજી મુણોત, શ્રી જીતેન્દ્ર બાફના પરિવાર**
ચૈતન્યપુરી, હૈદ્રાબાદ.

**ભાદરવા સુદ ૧ મંગળવાર તા.૨૬-૮-૨૦૧૪**
સવારના ૯ કલાકે અને બપોરના ૨ કલાકે
**શ્રી કલ્પસૂત્ર વાંચન**
*સ્વામીવાત્સલ્ય તથા સમસ્ત દિવસના લાભાર્થી*
**શ્રીમતી પાનબાઈ ખીમજી ડુંગરશી**
**મામણીયા પરિવાર, હૈદરાબાદ.**
મેરાઉ - કચ્છ.

ભાદરવા સુદ ૨ બુધવાર ૨૭-૮-૨૦૧૪
સવારના ૯.૦૦ કલાકે **સ્વપ્ન દર્શન,**
**સપનાજી-પારણું પધરાવવાની બોલીઓ,**
**શ્રી મહાવીર જન્મ વાંચન**
*સ્વામીવાત્સલ્ય તથા સમસ્ત દિવસના લાભાર્થી*
**માતુશ્રી લક્ષ્મીબાઈ પ્રેમજી નરસી છેડા પરિવાર**
(શ્રી શાંતિનાથ ગ્રેનાઈટ) લાયજા મોટા-કચ્છ
**શ્રીમતિ મંજુલાબેન ઉતમચંદ નરસી મોમાયા-પરિવાર**
વારાપધર કચ્છ, હૈદરાબાદ

ભાદરવા સુદ ૩ ગુરૂવાર તા. ૨૮-૮-૨૦૧૪
સવારના ૯ કલાકે અને બપોરના ૨ કલાકે
## શ્રી કલ્પસૂત્ર વાંચન
*સ્વામીવાત્સલ્ય તથા સમસ્ત દિવસના લાભાર્થી*
**શ્રી પીરૂલાલજી, અનીલજી, મનીષજી નાબેડા પરિવાર**
ચૈતન્યપુરી, હૈદ્રાબાદ. તથા
**શ્રી સજ્જનરાજજી, સુનીલ, કમલ, સુમિત, સુરાણા પરિવાર**
ચૈતન્યપુરી, હૈદ્રાબાદ.

ભાદરવા સુદ ૪ શુક્રવાર તા. ૨૯-૮-૨૦૧૪
સવારના ૯ કલાકે અને બપોરના ૨ કલાકે
## શ્રી કલ્પસૂત્ર વાંચન
*સ્વામીવાત્સલ્ય તથા સમસ્ત દિવસના લાભાર્થી*
માતુશ્રી અમૃતબેન દેવસી કુંવરજી વોરા પરિવાર
(મોર્ડન ડ્રેસેસ), હૈદરાબાદ (મુંદ્રા-કચ્છ)
કુ. પરીગના પરેશકુમાર કેશવલાલ પટેલ પરિવાર
ચૈતન્યપુરી, હૈદ્રાબાદ. (અમદાવાદ)

ભાદરવા સુદ ૫ શનિવાર તા.૩૦-૮-૨૦૧૪
૯ કલાકે **શ્રી બારસા સૂત્રનું વાંચન**
અને સાંજના ૪.૦૦ કલાકે : **સાંવત્સરિક પ્રતિક્રમણ**
*સ્વામીવાત્સલ્ય તથા સમસ્ત દિવસના લાભાર્થી*
**શ્રી મોહનલાલજી, જીતેન્દ્રજી, હરીષજી, ગુણવંતજી મુણોત પરિવાર**
પરમપૂજ્ય ગ્રેનાઈટ, ચૈતન્યપુરી, હૈદરાબાદ.
**શ્રી અમિચંદજી, ભરતકુમારજી, અશ્વિનકુમારજી બાગરેચા પરિવાર**
પદ્માવતી ટાઈલ્સ, ચૈતન્યપુરી, હૈદરાબાદ.

**ભાદરવા સુદ ૬ ને રવિવાર તા.૩૧-૮-૨૦૧૪** સવારના ૫.૩૦ કલાકે **દ્વાર ઉદ્‌ઘાટન**
અને ૭.૩૦ વાગે : **તપસ્વીઓના પારણા**
લાભાર્થી : શ્રીમતી સોનબાઈ માણેકજી ઘેલાભાઈ લોડાયા પરિવાર (કચ્છ વારાપધર) હૈદરાબાદ

**નોંધ :** મુનીવર શ્રી ઉદયરત્ન સાગરજી મ.સા. તા. ૧૪-૮-૨૦૧૪ ના પધારશે. રોજ સવારના ૯ થી ૧૦ કલાકે વ્યાખ્યાન, બપોરના ૧૨-૩૦ કલાકે મહા માંગલિક.
અક્ષયનિધિ તપ, સમોવસરણ તપ, ચૌદપુરવ તપ કરવાની ભાવના હોય તો ઓફીસમાં નામ લખાવવા વિનંતી.
તપસ્વીઓના એકાસના ના લાભાર્થી : માતુશ્રી સોનબાઈ લક્ષ્મીચંદ ઘેળાભાઈ લોડાયા પરિવાર (કચ્છ વારાપધર) હૈદરાબાદ.

*નિમંત્રક :* **શ્રી અચલગચ્છ જૈન સંઘના જય જીનેન્દ્ર**

નરેન્દ્ર નંદુ માર્ગ, મારૂતિનગર, ચૈતન્યપુરી, હૈદરાબાદ.
ફોન : ૨૪૦૪૭૭૭૪, ૨૪૦૪૭૮૬૨, ૨૪૦૪૮૧૪૩, ૬૪૫૮૦૦૫૫

**ખાસનોંધ :-** આ નિયાપો ના આપેલી જાહેરાત ને અચલગચ્છ જૈન સંઘ ના સર્વે ભાઈ બહેનો ને મળ્યા તુલ્ય સમજવું એજ વિનંતી...


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

**આવેલ દાનની વિગત :**

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | કબુતર ને ચણ | ગૌ-ઘાસ |
|---|---|---|---|---|---|---|---|
| મંજુલાબેન લક્ષ્મીચંદ ગાલા | - | ૫૦૦ | ૧ | - | - | - | - |
| શ્રીમતી હીના હિતેન સંઘોઈ | - | ૫૦૦ | - | - | - | - | - |
| શ્રીમતી પ્રભાબેન જયચંદ બોરીચા | - | ૧૧૦૦૦ | -૨૨ | - | - | - | - |
| શ્રી પ્રકાશ વ્રજરાજ ચાવડાના જન્મદિન પ્રસંગે | ૫૦૦ | - | ૧ | - | ૫૦૦ | - | - |
| શ્રી હેમન્ત વ્રજરાજ ચાવડા જન્મદિન નિમીત્તે | ૫૦૦ | - | ૧ | - | ૫૦૦ | - | - |
| સ્વ. વિનોદ લીલાધર નાગડાની પુણ્યતીથી નિમીત્તે | - | - | ૧ | - | - | - | - |
| સ્વ. ધીરજલાલ રવજી મારૂની પુણ્યતીથી નિમીત્તે | - | - | ૨ | - | - | - | - |
| શ્રી ધીરજલાલ ગોવિન્દજી વોરાની પુણ્યતીથી નિમીત્તે | - | - | ૧ | - | - | - | - |

**મૂઠીભર અનાજ યોજના માટે આપ સૌ સભ્યોને વિનંતિ કે આ માનવસેવાના કાર્યમાં આપના યુવા યુવતીના નામ વોલીન્ટર માટે નોંધવી લેવું. વોલીન્ટરોની ખુબજ જરૂરત છે. અઠવાડિયામાં એક દિવસ અનાજ પ્રાપ્ત કરવા જવાનું રહે છે. જેની નોંધ લેશો.**

## જીવન ચક્ર

**શુભલગ્ન**

| | | |
|---|---|---|
| ચિ. C.A. ધૃતિ પ્રદીપ લક્ષ્મીચંદ વિસરીયા | ગઢશીશા | હૈદરાબાદ |
| ચિ. ભાવિન ગિરીશ કલ્યાણજી ગંગર | મેરાઉ | મુંબઈ |

**સગપણ નોંધ**

| | | |
|---|---|---|
| ચિ. કેતિકા મનોજ મેઘજી નાગડા | મોટી વરંડી | હૈદરાબાદ |
| ડૉ. મુંજાલ નવિન મુરજી રાંભિયા | વિંઝાણ | મુંબઈ |


20 Days Medicine only Rs. 350/-

**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**

Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.

- AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-
- AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)

# સંસ્થા સમાચાર

❖ **કચ્છી ઓસવાલ મ્યુચ્યુઅલી ઍડેડ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લી. :** કચ્છી ઓસવાલ મ્યુચ્યુઅલી ઍડેડ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી હૈદ્રાબાદની ૧૮ મી વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૧૩ જુલાઈ ૨૦૧૪ ના કચ્છી ભવન હૈદરાબાદ મધ્યે યોજવામાં આવેલ. વર્ષ ૨૦૧૩-૨૦૧૪ માં સભ્યોને રૂા. ૨૦.૩૭ કરોડની વિવિધ લોનો મંજુર કરવામાં આવેલ. સોસાયટીની કુલ્લ શેર મુડી રૂા. ૧.૫૮ કરોડની છે તેની સામે રૂા. ૨.૭૮ કરોડ રિર્ઝવ ખાતે જમા છે. સભ્યોને શેયર ઉપર ૨૦ ટકાનું ડિવીડંડ આપવામાં આવેલ. રૂા. ૧૦૦ નાં પ્રત્યેક શેયર દીઠ રૂા. ૩૯-૪૦ ની આવક થયેલ. સભ્યોને તેમની નિરંતર ડીપોજીટ ઉપર ૯ ટકાનું વ્યાજ અપાય છે. આ વર્ષે ડાયરેક્ટરની ચુંટણી માટે ૬ ઉમેદવારોએ નામ નોંધાવેલ જેમાંથી ચાર ઉમેદવારો ડાયરેક્ટર તરીકે ચુંટાઈ આવેલ જેમનું કાર્યકાલ ત્રણ વર્ષ સુધીનું રહેશે.

૧) શ્રી તલકશી ભાણજી ગડા, લઠેડી ૨) શ્રીમતી વાસંતી અરવિંદ શાહ, નવિનાર ૩) શ્રી અનિષ પોપટલાલ છેડા, ગોધરા ૪) શ્રી ધનજી લખમશી સાવલા, નવાવાસ.

વર્ષ ૨૦૧૪-૨૦૧૫ માટે નીચેનાં કાર્યકારી ડાયરેક્ટરોની વરણી કરવામાં આવેલ.

**ચેરમેન** : શ્રી સંજય નાનજી ગાલા (લાખાપર), **ડેપ્યુટી ચેરમેન** : શ્રી તારાચંદ મણીલાલ ધરોડ (પત્રી), **મેનેજીંગ ડાયરેક્ટર** : શ્રી અરવિંદ કેશવજી છેડા (ગોધરા), **ડાયરેક્ટર (વહીવટ)** શ્રીમતી વાસંતી અરવિંદ શાહ (નવિનાર), **ડાયરેક્ટર (વિત્ત)** શ્રીમતી દિપ્તી ચંદ્રેશ છેડા (કાંડાગરા)

❖ **શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ :** શ્રી દિવ્ય શ્રાવક સામાયિક મંડળ ના ઓગષ્ટ ૨૦૧૪ માસના અતિથી વિશેષ તરીકે શ્રીમાન શ્રેઠીવર્ય શ્રી ગૌતમચંદજી ચોપડા રહેશે.

❖ **શ્રી કચ્છી-ગુર્જર જૈન પરિવાર, હૈદરાબાદ :** રવિવાર તા. ૩-૮-૨૦૧૪ ના પરિવારની મહિલાઓનો વીરપસલીનો કાર્યક્રમ કચ્છી ભવનમાં બહુજ ઉત્સાહથી ઉજવેલ. પસલીના કાર્યક્રમ સાથે તેઓએ એક મનોરંજન કાર્યક્રમ પણ યોજેલ જેમાં નાના મોટો સહુએ ભાગ લીધેલ. ત્યારબાદ ૨૦૧૩-૨૦૧૪ એકડેમિક વર્ષમાં પાસ થયેલ વિદ્યાર્થીઓનું બહુમાન મેરિટ સર્ટીફિકેટ, મેડલ તથા સ્કોલરશીપ આપી કરવામાં આવેલ. કાર્યક્રમના સ્પોન્સર શ્રી અશ્વિન બોમ્બે કટપીસ સેન્ટર વતી શ્રી જયંત એમ. વોરા તથા શ્રી સુરેશ પારેખ હતા.

## S M S

એસ.એમ.એસ મોકલાવવા માટે નીચે મુજબના ફેરફારો કરવામાં આવેલ છે. સૌ કોઈને નોંધ લેવા વિનંતી. મરણ નોંધ, પ્રાર્થના અને સમાજના મેસેજીસ રાબેતા મુજબ આપવામાં આવશે.

અન્ય મેસેજીસ મોકલવા માંગતા સર્વેને અનુરોધ છે. મેસેજ મોકલાવવા માટેની ફી રૂ. ૨૦૦/- ઓફીસમાં જમા કરાવી અને મોકલવાનું મેસેજ અને રસીદ નંબર નીચે જણાવેલ નંબર ઉપર એસ.એમ.એસ. કરવાનું રહેશે. મેસેજ આપ્યા પછી ૨૪ કલાકની અંદર મેસેજ ફોરવર્ડ કરવામાં આવશે.

**સંપર્ક : પંકજ હીરજી સાવલા - ૯૮૪૯૭ ૪૭૬૨૫**

## GHMC સીનીયર સીટીઝન - FREE CARD

**૬૦ વર્ષની ઉપરના વડીલો સ્ત્રી ત્થા પુરૂષ નો GHMC ગ્રેટર હૈદરાબાદ મ્યુનીસીપલ કૉરપોરેશન સીનીયર સીટીઝન કાર્ડ માટે સંપર્ક કરો શ્રી વલભજી મેઘજી સાવલા, ફોન : ૦૯૩૯૦૯ ૯૨૮૧૧**

# વિવિધા

## हैदराबाद के युवाओ के नाम एक संदेश

***चट्टान से जो टकराये, उसे तुफान कहते है***
***और तुफान से जो टकराये, उसे युवान कहते हैं ।***

युवा (Young) वो है जिसमें उत्साह-उमंग है- नई सोच-नई कल्पनाए और ढेरसारी महात्वांकांक्षाएँ है । Youth का Connection सीर्फ Age के साथ नहीं है । बल्कि Youth का संबंध तो नई चेतना - उर्जा और Activeness के साथ है ।

शिवाजी ने सबसे पहले किल्ला जीता था वह उम्र थी 17 साल की, भगतसिंहने क्रान्ति के सर्व प्रथम पाठ पढे थे वह उम्र थी 18 साल की, महाराणा प्रताप ने युध्धकला शीखने की शरूआत की थी, वह उम्र थी 19 साल की, जैन धर्म में भी ऐसी आदर्श घटनाएँ है कि जो भी सम्यक धर्म पराक्रम हुआ वह युवा अवस्था में ही हुआ ।

लेकिन कहते हुए बडी शर्म आ रही है कि, आज का Youth, आज का युवा, आज की ये Mordern Generation फोन, फ्रेन्ड, फेसबुक, फीयाट, फन और फेशन के चक्कर में फँसकर अपना मूल्यवान समय और शक्ति को Waste कर रहे है ।

What'sup, Internet, Chating में 2-2 / 4-4 घंटे Time Pass करके अपने जीवन का दुर्व्यय कर रहे है और इसी के साथ Smoking, Drinking, Pub, Club, Disco, Drugs आदि में फंसकर अपने नैतिक जीवन (Charecter) का पतन कर रहे है । वह अपने Level से नीचे ही उतर रहे है.... और बिचारे वह इसे Enjoyment, Friendship Relation को नाम देकर अपने कर्म बंधन को बांधते है ।

व्यक्ति की सीर्फ एक गलत संगत या गलत (बुरी) आदत के कारण उसके परिवारजन अंदर से दुःखी और अशांत होते है । उन्हें अपने बच्चो के उज्जवल भविष्य के सारे सपने टूटते हुए दिखाई देते है, लेकिन वह अपने दिल के दर्द को कहे किसे ? क्योंकि यंगस्टरो ने तो आजकल अपने पेरेन्टस का मानना ही बंद कर दिया है । वो तो अपने आपको ही, I know Everything मान रहे है ।

हे मेरे युवा दोस्तो ! एक बात ध्यान रखना,

***न रूप रहेगा, न जवानी रहेगी, कोई भी ना एक दिन निशानी रहेगी,***
***तुम भी न रहोगे एक दिन यहाँ पर, केवल तुम्हारी कहानी रहेगी ।***

यह दिखनेवाली मोजमझा Glamour सीर्फ 4 दिन की चांदनी है, फीर तो अंधेरी रात ही है,

इसलीए युवानी को सार्थक कर, जवानी का जतन कर, यह शक्ति को संतो की, सद्गुरूओं की शरण में आकर उसे उजागर कर... जैन युथ आज संघ को, शासन को, समाज को, देश को काम आ सके ऐसी रचनात्मक प्रवृत्ती कर ।

होटल-थियेटर-रिसोर्ट में साथ देने वाले तुझें सेंकडो दोस्त मिलेंगे पर ऐसी धार्मीक या सामाजिक प्रवृत्ती की शरूआत तो हमें अकेले ही करनी पडेगी क्योंकि सृष्टि का एक सनातन सत्य रहा है कि, पतन हंमेशा आसान होता है, उत्थान मुश्किल, उतरना आसान है, लेकिन चडना कठीन...

इस बार सद्गुरू का योग, काचीगुडा जिनेश्वरधाम में हुआ है तो आइयें गुरू शरण में और गुरू चरण में अपने पापो का प्रायश्चित करें, सद्गुरू के स्नेह और प्यार के सागर में डुबकर जीवन को एक नया मोड, New Turning Point देकर अपने जीवन को Successful बनाएं यही मंगल कामना.... शुभ आशीर्वाद

**ज्योतिषाचार्य सर्वोदयसागरजी म.सा.**


HEALTH CARE PRODUCTS & SURGICALS
Walking Aids
Cot
Weel Chairs
Commode
Glucometer
B.P. Moniter
Nebuliser
(જા.ખ.)
Credit Cards Accepted
for Adult Diapers, Glucometers, B.P. Monitors
Orthotics, Nebulisers & Hospital Needs
VIVIDHA ASSOCIATES
(A HOUSE OF HEALTH CARE AND SURGICAL NEEDS)
Dr. Melkote Park Lane, Vitthalwadi, Narayanaguda
Ph. (O) : 64592624/96667 70177

# ગિરનારની ઔષધીઓ... જડીબુટ્ટીયો

ગિરનારનું મુખ્ય જંગલ લગભગ ૪૦ કિ.મી. માં વિસ્તરેલું છે અને આ વનવિસ્તાર અલભ્ય અને દુર્લભ કોટીના વૃક્ષ - વેલડીયો અને ઔષધિયોથી હર્યો ભર્યો છે કોઈ વનસ્પતિ શાસ્ત્રના વિશારદ અથવા કોઈ વૃદ્ધ અનુભવી વૈદ્ય જ એમના રહસ્યો અને ઉપયોગીતા ને જાણી શકે છે.

૧) આજે લગભગ શહેરના લોકોમાં ૫૦ વર્ષની ઉમર પછી ઘુંટણની ફરીયાદ શરૂ થઈ જાય છે ત્યારે અહીંના એક વૃક્ષના ૭ દિવસ સુધી દરરોજ ૭ બીજ ખાવાથી વરસો જુનુ ઘુંટણનું દર્દ મટી જાય છે.

૨) સામાન્યથી દુધમાંથી દહીં બનતા લગભગ ૫ થી ૬ કલાક લાગે છે પરંતુ અહીંના એક વૃક્ષની જડ (મૂળ) ને દુધમાં નાંખવાથી ફક્ત પાંચથી છ જ મિનિટમાં દુધ-દહીં રૂપે પરિણમે છે... છે ને આશ્ચર્ય !

૩) અહીંના એક વૃક્ષના રસના બે ચાર ટીપા જો કોઈ અસ્વસ્થ અથવા મૃત્યુશય્યા પર રહેલા વ્યક્તિની જીભ પર મુકવામાં આવે તો એ સંપૂર્ણ રીતે સ્વસ્થ થઈને દોડવાની શક્તિ પ્રાપ્ત કરી લે છે.

૪) અહીંના એક વૃક્ષમાંથી ઝરતા રસને નિઃસંતાન વ્યક્તિ ચાટી લે તો અવશ્ય જ એની મનોકામના પુરી થાય છે.

૫) અહીંના બાંબુ (વાંસ)ના વૃક્ષમાંથી બનતો અથાણું શારીરિક, બલ-પુષ્ટીદાયક અને સ્વાસ્થ્ય માટે લાભદાયક છે તેમજ અસ્થમામાં રાહત આપે છે.

૬) અહીંની એક વનસ્પતિ ના ૨-૩ પાંદળા ખાઈએ તો ૧ મહીના સુધી ભૂખ ન લાગે. અહીંના એક વૃક્ષના પાંદળાનું સ્વાદ પાપડ જેવું આવે છે.

૭) અહીં એક છોડના બીજની માળા બને છે અને આ માળા શ્રી કૃષ્ણ ને પણ અતિ પ્રિય હતી. આ માળાથી ઘણા ભક્ત શ્રદ્ધાળુઓ ભગવાનના નામસ્મરણ રૂપ જાપ કરે છે.

સાથીયો ! આ તો કાંઈક જ અંશ કહયા છે પરંતુ ગિરનાર તો એવી અનેક ઔષધિયોનો ખજાનો છે, પરંતુ ધ્યાન રહે ! આ બધી ચીજો કોઈ બજાર અથવા દુકાનમાં નથી મળતી, એના માટે તો પોતાને દિવસો સુધી જંગલોમાં ભટકવું પડે છે. કોઈએ સાચુ કહ્યું છે કે "પુણ્યાઈ અને પુરૂષાર્થ વિના સિદ્ધિ ક્યારેય સંભવિત નથી".

સંકલન : **યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.**

## પ્રાર્થના

હે કૃપાળુ! જીવનની ઢળતી સંધ્યાએ તારી પાસે આવ્યો છું. નાનો હતો ત્યારે મારી મમ્મી તારી પાસે રોજ લઈ આવતી હતી. તે વખતે તું મને ખૂબજ ગમતો હતો. બાળપણ વીત્યું ત્યાં જુવાની આવી અને મારી ચોઈસ તારા ઉપરથી ઉઠી અન્ય મોહક વસ્તુઓ સંબંધોમાં ચોંટવા લાગી. આખી જિંદગી તેમની સાથે રંગ રાગ કરતો રહ્યો. તને તો ત્યારે સાવ જ ભુલી ગયો. પણ હજું યાદ છે કે, તે વખતે કોઈ અગમ્ય આનંદ મારા અસ્તિત્વને સુગંધથી ભરી દેતો હતો. પરંતુ જ્યારથી આ બલા આવી ત્યારથી જાણે તકલાદી આનંદ મને ખેંચવા લાગ્યો. સ્વાર્થ, વિષય લંપટતા, ઈર્ષા, કામ અને અહંકારથી સતત સંતપ્ત રહી જીવન વિતાવતો રહ્યો. હવે જ્યારે ઈન્દ્રિયો અને મન થાક્યું છે ત્યારે મારૂં મન દિવસોથી ભુલાઈ ગયેલા પેલા આનંદની શોધ કરી રહ્યું છે. જે આનંદ માત્ર અને માત્ર તારી પાસેથી જ મળી શકે તેમ છે. પ્રભુ ! તને છોડીને મેં ભયંકર ભૂલ કરી છે. હે નાથ! મારા એ તમામ પાપો મિથ્યા થાઓ. અફસોસ તો એ વાતનો છે કે, પ્રભુ ત્યારે તેં મને અટકાવ્યો કેમ નહિં ? તારી પૂજા અને સેવાનું આ પરિણામ ? મારા ઉપર તને દયાય ન આવી ? જવા દે પ્રભુ, જા તને હું માફ કરૂં છું. પણ તું મને પણ માફ કરી તારામાં મને સમાવી લે. છીનવાઈ ગયેલો તે આનંદ મને પાછો આપ જેથી પાનખરમાં પ્રવેશેલા મારા વૃદ્ધાત્વને સિંચન કરી નવપલ્લવિત બનાવું.!

**દિનેશ ગોસર**



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2750)

## Upto **20%** Discount on Medicines on M.R.P.

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા.ખ.)

## સડેલા બટેટા ફેંકી દો !

એક સરસ મજાની વાત છે. કોલેજના એક પ્રોફેસરે સ્ટુડન્ટસને બટાટા લઈ આવવાનું કામ આપ્યું. પ્રોફેસરે તમામ સ્ટુડનન્ટસને કહ્યું કે કાલે તમે જેટલા લોકોને નફરત કરતા હો એટલા બટાટા લઈ આવજો. એક એક બટાટાને તમે નફરત કરતા હો એનું નામ આપજો. બીજા દિવસે સ્ટુડન્ટસ બટાટા લાવ્યા. કોઈની થેલીમાં એક તો કોઈની થેલીમાં બે બટાટા હતા. કોઈની થેલીમાં પાંચ સાત બટાટા હતા તો કોઈની થેલી આખી ભરેલી હતી.

બધા સ્ટુડન્ટસે પ્રોફેસરને પોતપોતાની થેલી બતાવી. પ્રોફેસરે કહ્યું, બહુ જ સરસ. હવે તમારે એકજ કામ કરવાનું છે. એક મહિના સુધી આ થેલી તમારે તમારી સાથે રોજ લાવવાની છે. બધા સ્ટુડન્સે કહ્યું કે ઓ.કે. બે ત્રણ દિવસ તો વાંધો ન આવ્યો પણ પછી બટાટા સડવા લાગ્યા. રોજ સ્ટુડન્ટસને વજન ઉપાડવું અઘરૂં લાગ્યું. ધીમે ધીમે બટાટા કોહવાતા ગયા અને તેમાંથી વાસ આવવા લાગી. આખરે થાકીને સ્ટુડન્સે કહ્યું કે સાહેબ, હવે સડેલા બટાટાની વાસ સહન થતી નથી. અમને છુટ આપો કે અમે એને ફેંકી દઈએ.

પ્રોફેસરે હસીને કહ્યું કે, તમે તમારા દિલમાં આવા કેટલા બટાટા સંઘરી રાખ્યા છે એની તમને ખબર છે ? નફરત, ગુસ્સો, દુઃખ, ઉદાસી, નારાજગી, વેર અને બીજા કેટલા બટાટા તમે કેટલા દિવસોથી તમારા દિલમાં લઈને ફરો છો! એ કોહવાઈ ગયા છે, સડી ગયા છે અને વાસ આવે છે. તમે તમારી સાથે જ એ લઈને ફરો છો. તમને સમજાય છે કે લોકો તમારાથી શા માટે દૂર રહે છે ? કારણકે તમે એ બટાટા ફેંકતા જ નથી. જાવ, આ બટાટા ફેંકી આવો અને સાથે જે મનમાં અંદર સંઘરી રાખ્યા છે એ બટાટા પણ ફેંકી દેજો. સુખી રહેવાનો આ જ સિદ્ધાંત છે કે તમે જે સંઘરી રાખ્યું છે એને હટાવી દયો. જે ઓઢી રાખ્યું છે એને ફેંકી દયો.

અનુવાદ - સંકલન : **રમેશ એમ. શાહ**

## THE ENERGY OF LIFE

કેમ્બ્રિજ યુનીવરસીટીના પ્રોફેસર બ્રાઉને **"The Energy of Life"** બુકમાં લખ્યું છે **"use it and loose it"**. તમારા મનની એનર્જી ને વાપરતા રહો. હું ઘરડો થયો છું. એમ સમજી નેગેટીવ થઈ તન-મનની શક્તિ વાપરવાનું બંધ નહીં કરવાનું. પ્લુટોનિયમ પેદા થાય છે. શક્તિ નું પણ એવું છે. જેટલી વાપરશું એટલી નવી પેદા થશે સારા કાર્યો માટે છેવટ સુધી જીવનનો સદુપયોગ કરવાની ભાવના ભવિષ્યનું **Investment** છે.

સંકલન : **કુમુદબેન મહેન્દ્રભાઈ શાહ**

This is the only time you see this phenomenon in your life.

**Calendar August 2014**

| Sun | Mon | Tue | Wed | Thu | Fri | Sat |
|---|---|---|---|---|---|---|
| | | | | | 1 | 2 |
| 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 |
| 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 |
| 24 | 25 | 26 | 27 | 28 | 29 | 30 |
| 31 | | | | | | |

August, 2014, will have 5 Fridays, 5 Saturdays and 5 Sundays. This happens only once every 823 years. The Chinese call it "Silver pockets full."

## જીવનમાં પાલન કરવા જેવાં સાત નિયમો

- ભુતકાળને ભુલી જાવ જેથી એ વર્તમાન જીવનને અસ્તવ્યસ્ત કરી ના નાખે.
- બીજા લોકો તમારા વિશે શું વિચારે છે. એની સાથે કોઈ મતલબ ન રાખો. તમારું મન કહે તે કરો.
- સમય બધાં દુઃખોની દવા છે. તેથી દુઃખમાં દુઃખી ન થાવ. તમારો સારા સમય આવે એની રાહ જુઓ.
- અન્યના જીવન સાથે કે કોઈ વ્યક્તિ સાથે તમારી સરખામણી ન કરો. એ યોગ્ય નથી, કારણ કે તમે એ વ્યક્તિ વિશે બહુ જાણતા નથી.
- વધુ પડતુ વિચારવાનું બંધ કરો. ઘણી વખત એવું થાય કે મુશ્કેલીમાંથી બહાર નીકળવાનો રસ્તો તમને ન દેખાય, પણ સમય આવતા તમને બધી ખબર પડી જશે.
- તમારી ખુશીને તમારા સિવાય કોઈ બદલી શકતું નથી.
- હંમેશા હસતા રહો.

## ગરમ પાણી છે મહાઔષધ, આ ૧૫ REASONS જાણી તમે પણ પીશો !

આયુર્વેદની વિશેષતા છે કે તેમાં સામાન્ય દેખાવાવાળી વસ્તુઓના ઔષધિય ગુણોને ઓળખી કાઢવામાં આવે છે. પાણીની દુર્લભ ઔષધિય ક્ષમતા ઋષિમુનીઓની સૂક્ષ્મ દૃષ્ટિથી છુપાઈ શકી નહોતી. ગરમ પાણીમાં પણ એવા અનેક ઔષધિય ગુણો રહેલા છે જેને બહુ ઓછા લોકો જાણે છે. જેથી આજે અમે તમને આયુર્વેદમાં જણાવેલા ગરમ પાણીના ખાસ ગુણો અને તેના ફાયદા વિશે જણાવવાના છીએ.

શરીરને સ્વસ્થ રાખવા માટે દરરોજ ઓછામાં ઓછા ૭ થી ૮ ગ્લાસ પાણી પીવું અત્યંત જરૂરી છે. પરંતુ ઠંડા પાણીની સાથે દરરોજ ૧ થી ૨ ગ્લાસ ગરમ પાણી પીવામાં આવે તો તે કેટલીક હેલ્થ પ્રોબ્લેમ્સમાં દવાનું કામ કરી શકે છે.

- ➤ જો તમે સ્કિનની સમસ્યાથી પરેશાન છો અથવા સ્કિનમાં ગ્લો લાવવા માટે જાત-જાતના સૌંદર્ય પ્રસાધનો વાપરીને થાકી ગયા હોવ તો દરરોજ એક ગ્લાસ ગરમ પાણી પીવાનું શરૂ કરી દો. તમારી સ્કિનની તકલીફો દૂર થવા લાગશે અને તમારી સ્કિન ગ્લો કરશે.
- ➤ યુવતીઓને માસિક સ્ત્રાવ દરમિયાન પેટમાં દુખાવો થતો હોય તો એક ગ્લાસ નવશેકું પાણી પીવાથી તરત રાહત થાય છે. માસિકસ્ત્રાવ દરમિયાન દુખાવામાં મસલ્સમાં ખેંચાણ થાય છે જેને ગરમ પાણી રિલેક્સ કરી દે છે. ગરમ પાણી પીવાથી શરીરના ઝેરી તત્વો બહાર નિકળી જાય છે. સવારે ખાલી પેટ અને રાત્રે ભોજન બાદ ગરમ પાણી પીવાથી પાચન સંબંધી સમસ્યાઓ ખતમ થઈ જાય છે અને ગેસ અને કબજિયાત જેવી સમસ્યા રહેતી નથી.
- ➤ ભૂખ વધારવામાં પણ એક ગ્લાસ પાણી બહુ ઉપયોગી છે. એક ગ્લાસ ગરમ પાણીમાં એક લીંબૂનો રસ, મરી પાઉડર અને મીઠું નાખીને પીવાથી પેટ ભારે થઈ જવાની સમસ્યા દૂર થઈ જાય છે.
- ➤ ચરક સંહિતા મુજબ તાવામાં તરસ લાગવાથી દર્દીએ ગરમ પાણી જ પીવું જોઈએ, તેનાથી તાવમાં બહુ લાભ થાય છે. જો શરીરના કોઈ ભાગમાં ગેસને કારણે દુખાવો થઈ રહ્યો હોય તો એક ગ્લાસ ગરમ પાણી પીવાથી ગેસ શરીરમાંથી બહાર નીકળી જાય છે.
- ➤ વર્તમાન સમયમાં પેટના રોગીની સમસ્યા ઘણી વધી ગઈ છે. મોટાભાગની પેટ સંબંધી બીમારીઓ દૂષિત પાણીને કારણે થાય છે. જો પાણીને ઉકાળીને ઠંડુ કરીને પીવામાં આવે તો પેટની અનેક બીમારીઓથી બચી શકાય છે.
- ➤ ગરમ પાણી સ્વાસ્થ્ય માટે અત્યંત ઉપયોગી છે, ગરમ પણી પીવાથી શક્તિનું સંચાર થાય છે. આનાથી કફ અને શરદી સંબંધી રોગોમાં ક્ષીણ ઊર્જા ફરી પ્રાપ્ત કરવામાં સરળતા રહે છે.
- ➤ દમ, હેડકી, ખારાશ વગેરે રોગોમાં અને તળેલા ભોજન ખાધા બાદ ગરમ પાણી પીવાથી ઘણો લાભ થાય છે અને અનેક સમસ્યા દૂર થાય છે.
- ➤ સવારે ખાલી પેટે એક ગ્લાસ ગરમ પાણીમાં એક લીંબૂ મિક્ષ કરીને પીવાથી શરીરને વિટામિન સી મળે છે. સાથે જ ગરમ પાણી અને લીંબૂનું સંગમ શરીરના રોગપ્રતિકારક તંત્રને પણ મજબૂત બનાવે છે. સાથે જ પી.એચનું સ્તર બની રહે છે.
- ➤ દરરોજ એક ગ્લાસ ગરમ પાણી મગજના સેલ્સ માટે ટોનિકનું કામ કરે છે. આ માથાના સ્કેલ્પને હાઈડ્રેટ કરે છે જેથી સ્કેલ્પ ડ્રાય થવાની સમસ્યા ખતમ થઈ જાય છે.
- ➤ વજન ઘટાડવામાં પણ ગરમ પાણી બહુ મદદ કરે છે. જમ્યાના એક કલાક બાદ ગરમ પાણી પીવાથી મેટાબોલિઝમ વધે છે. જો ગરમ પાણીમાં થોડુક લીંબૂ અને મધના કેટલાક ટીપાં મિક્ષ કરી લેવામાં આવે તો શરીર સુડોળ બને છે.
- ➤ હમેશા જુવાન દેખાવાની ઈચ્છા રાખનારા લોકો માટે ગરમ પાણી એક ઉત્તમ ઔષધિ તરીકે કામ કરે છે. દરરોજ એક ગ્લાસ ગરમ પાણી પીવાથી અર્લી એજિંગ સાઈન્સ પરેશાન કરતાં નથી.

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

॥ શ્રી ગોવિંદ કૃપા॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી માતા રાણી બટિયાણી ॥



# જય અમ્બિકા જ્યોતિષ

## અમ્બે માઁ ઉપાસક પં. સંજય જોશી



- ૧૦૧% ગેરંટી સાથે એક જ મુલાકાતમાં રીઝલ્ટ
- વિશ્વાસ આપનું કામ અમારૂં
- પથ્થર જેવા કઠિનથી કઠિન પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ

**માતાઓ તથા બહેનો પોતાનું ઘર મંદિર સમજીને અવશ્ય પધારશો.**

**તંત્ર-મંત્ર-યંત્ર ભારતની પ્રાચીન વિદ્યા છે.**
**જેના ઉપર આપણા ઋષિ-મહાઋષિઓએ હજારો વર્ષો સુધી શોધ કરી અને સમસ્યાઓથી મુક્તિના ઉપાય શોધી શક્યા છે.**
**જે ઉચિત યંત્રના ઉપયોગ કરી શકીએ તો જીવન બદલી શકાય છે.**

હસ્તરેખા, જન્મકુંડળી, પ્રશ્ન કુંડળી ઉપરનું ભવિષ્ય માર્ગદર્શન, લગ્ન યોગ, પ્રેમ વિવાહ, મનપસંદ જીવનસાથી, પતિ-પત્નિ કોઈ પણ અણબનાવ, સોતનની પરેશાની, સંતાન સુખ, માનસિક અશાંતિ, વિદ્યા, વિદેશ યોગ, નોકરી, પ્રમોશન, લક્ષ્મીયોગ, ધંધા-વેપારમાં વૃદ્ધિ, ભાગીદારીમાં લાભ અથવા મકાન યોગ, વાહનની ઉઘરાણી, દેવામાં મુક્તિ, કોર્ટ કચેરીમાં વિઘ્ન દુર કરી વિજય મેળવવા, મેલી વિદ્યા, મોહિની, વશીકરણ, શત્રુ વિજય, મુઠચોટ, વ્યસનમુક્તિ, દારૂ છોડાવવો, વિશ્વાસઘાત, ઘર-કંકાસ, કાલસર્પ યોગ, નાગદોષ, ભૂમિદોષ, લક્ષ્મીયોગ, કોઈનું કરેલું, કુખ બાંધેલી, પુત્ર પ્રાપ્તિયોગ, ઘરની નડતર વિધિ, જન્માત્રર, નવગ્રહ યંત્ર, પુજા વિધિ, ગ્રહશાંતિ, વાસ્તુ સિધ્ધ ગેરંટીથી કાર્ય કરી ટુંક સમયમાં જ લાભ થશે. (પ્રેમી પંખીડા ખાસ મળો.)

(જા.ખ.)

**સંપર્ક : પ્રગતિ કૉલેજ કે સામને, સુલ તાન બજાર, હૈદરાબાદ**
**ફોન : ૭૪૧૬૮ ૩૪૩૧૩, ૯૧૬૦૪ ૯૧૫૮૧**



# ITS A QUIZ TIME

..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah

## Answer to the last month's quiz

A)
1) 64 Square in Chess Board
2) 26 Letters in Alphabets
3) 7 Days in a Week
4) 7 Wonders of the World
5) 12 Signs of Zodiac
6) 52 Cards in a Pack
7) 18 Holes in Golf Course
8) 5 Fingers on a Hand
9) 206 Bones in a Body
10) 6 Balls in a Over

B) Name of the politician Chidambaram

Following members have given answers to June 14 Quiz - Congratulations :

Harish V. Haria, Harsha Vilas Gala, Joti Laxmichand Nagda, Kalpana Dilip Mehta, Rekha Tushar Taunk, Sushella Damji Savla, Smita Dharmesh Mamania, Yashita Dedhia, Meera Hiten Gala, Kumud Mahendra Shah, Veena K. Gosar, Bharati K. Dharod, Nita Deepak Malde.

## Quiz of the Month

A) Give one word which fulfills both the following meanings :

1) Pencil Brand & Lord of Dance
2) Birth Sign in English & a type of disease
3) Name of a Soap Brand & a Musical Instrument.
4) A car Brand & Lord Ram's Bhakt.
5) Name of a Fruit & Name of a Shoe Polish
6) Mobile brand & a Fruit Name
7) Name of a bulb Company & Source of energy.
8) A shoe company & underground train
9) Watch Brand & Resident of a Country
10) Mineral Water company & a Mountain range
11) Name of a bird & a beer brand.

B) Your friends car number is of 4 digits. The friend has given following clues and challenged you to find our his car number-

- 4th digit is double of 1st digit.
- 2nd & 3rd digit is same number
- The double of first two digits is last 2 digits.

What is the car number ?

The names of the persons giving correct answers will be published in the next issue of NIYAPO. Reply by 31-8-2014


# CHEMISTRY COACHING

OFFERED FOR IPE, EAMCET, AIIMS, JIPMER, JEE-MAINS

CONTACT BETWEEN 5 TO 8 P.M.

CHEM - POINT PH : 040-23222624, 9290430337 (જા.ખ.)



FOR ALL YOUR COMPUTER WORK

❖ SOFTWARE INSTALLATION
❖ TROUBLE SHOOTING
❖ VIRUS CLEANING ETC.
❖ NEW COMPUTER SALES & PURCHASE

Contact : DEVESH - 94407 23277

(જા.ખ.)

***How A Son / Daughter thinks of his/her father at different age...***

- **at 6 yrs** My Dad is Great!
- **at 8 yrs** My Daddy knows everything
- **at 12 yrs** My Daddy is good but he is short Tempered.
- **at 14 yrs** My Daddy was nice to me when I was young
- **at 18 yrs** My Daddy is not in Line with the current times. Frankly, he does not know anything.
- **at 20 yrs** My Daddy is becoming increasingly cranky and unreasonable.
- **at 23 yrs** Oh! It is becoming difficult to tolerate Daddy! Wonder, how Mom puts up with him!
- **at 25 yrs** Daddy is objecting to everything... Don't know when will he understand the world.
- **at 32 yrs** It is becoming difficult to manage my Son! I used to be scared of my Dad when I was young.
- **at 40 yrs** Daddy brought me with so much discipline... I wonder how he managed to handle the young generation!
- **at 45 yrs** I am baffled as to how my Daddy brought us up.
- **at 50 yrs** My Daddy faced so much hardship to bring us up (we were 3 brothers & 2 sisters) I am unable to manage a single child.
- **at 55 yrs** My Daddy was so foresighted and planned so many things for us. Even at this old age, he is able to control things. He is one of his kind and unique.
- **At last.....** "My Daddy was Great"

Don't take so many years to realize, realize it on time.

## Who says we don't exercise :

**We Jump to conclusions**

**We Throw our Weight around**

**We Twist the truth**

**We Stretch the lies**

**We Bend the rules**

**We Push our luck**

**We Lift our Egos**

**We Run from tough Situations**

**We are absolutely Fit**

---

***Alphabets are so intelligently arranged..... They show you the way of life.....***

**'A'lways 'B'e 'C'ool 'D'on't have 'E'go with 'F'riends, and family. 'G'ive up 'H'unting 'I'ndividuals. 'J'ust 'K'eep 'L'oving 'M'ankind. 'N'ever 'O'mit 'P'rayers 'Q'uietly 'R'emember God. 'S'peak 'T'ruth, 'U'se 'V'alid 'W'ords. 'X'press 'Y'our 'Z'eal.**

---

### *A Nice Information :-*

**When you lift the phone, you say Hello?**

**Do you know what is the real meaning of Hellow "**

**It is the name of a girl ! Yes and do you Know who is the girl...?**

**She was *MARGARET HELLO***

**She was the girl friend of Graham Bell who invented Telephone... Graham Bell first word on his phone after his invention was, "Hello" that practice of starting the call with "Hello" still continues.**

Contributed by - **Ramesh M. Shah**



–

# ABHA BEAUTY PARLOUR & SPA SALOON

Specialist in Bridal Mehendi & Make-up
Also Beauty Mehendi & Grooming Classes



- ✦ We undertake Hair Spa Treatment
- ✦ Galvanic Treatment
- ✦ Stone Theropy
- ✦ Body Spa
- ✦ Bridal Packages
- ✦ Foot Facial & Hand Facial also.

**Timing 11.00 am to 8.00**

***Home service Facility is also available***

***Sunday Closed***

Now at New & Spacious Space

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*3-4-74/2, 1st Floor, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27 Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)



# SONA HANDLOOMS

***Exclusive Dress Materials***

- **KURTIES**
- **LEGGINGS**
- **LADIES UNDERGARMENTS**
- **NIGHTIES**

**AT WHOLESALE RATE**

Contact : *Ashit Patel*

3-3-116/117, Chappal Bazar,
Near Manjira Hotel,
Opp. Bangalore Iyenger Bakery,
Kachiguda, Hyderabad 500 027.

**Phone : 93910 01176**

**Special Offer 30% off on Ladies Under Garments**



(જા.ખ.)

# JAI MAHAVEER

***Seasons Greetings & Best Wishes for***

**GANESH FESTIVAL & PARYUSHAN**

✓ *For all your water proofing needs contact* ***Naman Construction Solutions*** *we serve your need with Nano technology products which are more effective than, other competitive market products available in the market. We have a team of expertise and trained workers to give you better results.*

✓ *We also undertake, painting and colouring assignments of shops, flats and other commercial establishments.*

For Details Contact :

**VARDHAMAN D. SHAH**

**Mobile : 98853 41835**

***"Always remember A Stitch in time saves nine"***

(જા.ખ.)

# *Excellent Business Opportunity for all....*

- *No Investment Required*
- *No Fear of Loss*
- *Flexible Working Hours*
- *Excellent Income*
- *Sell Products and get Recurring Incomes*
- *Get Gratuity, Pensions and free Insurance*
- *Get loans @ Low interest's*

For Details Contact :

**T. RAVI SHANKAR, Mobile : 98491 48408**

***E-mail : travishankar@hotmail.com***

(જા.ખ.)

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫
પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

દર મહિનાના ત્રીજા રવિવારે કાચીગુડા સ્ટેશનથી રેલ્વે દ્વારા શ્રી મેડચલ તીર્થ યાત્રાનો આયોજન છે. આ યાત્રા શ્રી સંઘ તરફથી કરાવવામાં આવે છે. સંઘપતીનો નકરો રૂા. ૨૧૦૦/- માત્ર છે. જાન્યુઆરી ૨૦૧૫ સુધી સંઘપતી નોંધાઈ ગયા છે. આપશ્રીને સંઘપતી બનાવાનો ભાવ હોય તો લાભ લેવા સંચાલક નો સંપર્ક કરશો.

## ચૈત્યપરીપાટી

સહર્ષ જણાવવાનું કે પ્રતિવર્ષાનુસાર આ વર્ષે પણ રવિવાર તા. ૭ સપ્ટેમ્બર ૨૦૧૪ ના ચૈત્યપરીપાટીનું કાર્યક્રમ આયોજીત કરનામાં આવેલ છે. નકરો રૂા. ૧૦૦/- (ચૈત્યપરીપાટી પુરતો મર્યાદીત) રાખવામાં આવેલ છે. મર્યાદીત બે બસની વ્યવસ્થા હોયાથી વેલો તે પહેલાના ધોરણે, નામો નકરાના રોકડા આપી નોંધાવશો.

સવારના બરોબર ૬.૦૦ વાગે જીનેશ્વર ધામ મંદીરે દેવદર્શન ચૈત્યવંદન કરી પ્રસ્થાન કરશું કોઠી અજીતનાથ મંદીરે ચૈત્યવંદન દેવદર્શન કરી ચૈતન્ય પૂરી માટે પ્રસ્થાન કરશું. ચૈતન્યપુરી વાસુપૂજ્ય સ્વામી ભગવાન ના દેવદર્શન ચૈત્યવંદન કરી નવકારશી કરશું તથા બરાબર ૮.૩૦ વાગે શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે પ્રસ્થાન કરશું.કુલપાકજીમાં દેવદર્શન ચૈત્યવંદન, પૂજાપાઠ ગરીબ ભોજન ઈત્યાદી નીત્ય ક્રમ પતાવી બપોરના સ્વામી વાત્સલ્યનો લાભ લેશું તથા બરાબર ૧.૩૦ વાગે શ્રી મેડચલ તીર્થ યાત્રા માટે પ્રસ્થાન કરશું. શ્રી મેડચલ તીર્થે ચૈત્યવંદન દેવદર્શન બાદ ચોવિહારનો લાભ લેશું. ચોવિહાર બાદ એક સ્નેહમિલન આયોજીત કરી સંઘપતીનું બહુમાન કરશું તથા બરાબર ૭.૦૦ વાગે હૈદરાબાદ માટે પ્રસ્થાન કરશું. અનુકુળતા મુજબ સીકંદરાબાદ ના કુંથુનાથ મંદીરે તથા ડી.વી. કોલોની પદમાવતી પ્રાર્શ્વનાથ મંદીરે દેવદર્શન કરશું. સમયની મર્યાદા પ્રત્યેક યાત્રી નિષ્ઠા પૂર્વક પાળશે તો આપણો કાર્યક્રમ સુખશાંતિ પૂર્વક સંપન્ન થશે.

વિશેષમાં, શ્રી જીનેશ્વરધામ શાંતિનાથ મંદીરે શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થ ની પ્રતીકૃતી બનાવામાં આવેલ છે. તથા શ્રી ભોમીયાજી દાદાની સ્થાપના કરવામાં આવેલ છે. હર રવિવારે સામુહિક રીતે સુખડીનો પ્રસાદ શ્રી ભોમીયાજી દાદાને ચઢાવવામાં આવે છે. યથા શક્તી ભાવ મુજબ સામુદાહિક સુખડી ફંડમાં આપશ્રીનો ફાળો સંચાલકશ્રી પાસે લખાવશો.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ

હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર (જા. ખ.)